ફોજદારી કેસ નં. ૧૫૮૩૦–૧૯

**<u>૨૯ માં એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડી. મેજી. સાહેબની કોર્ટમાં.</u>**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

વિરુદ્દ્ય

**આરોપીઓઃ–**

સંજયભાઈ રમણભાઈ

ગુનોઃ–ઈ. પી. કો. કલમ–૨૯૦, ૧૮૮ અને ગુજરાત પોલીસ એકટની કલમ– ૧૩૧**<u>મુ.</u>**

**II ઠરાવ II**

(૧) આ કામના આરોપી સામેના હાલના કામના ગુન્હાની વિગત મુજબ આરોપીઓ જુગારના આકડામાં જુગાર રમતા મળી આવેલા તેથી તેની સામે ફરિયાદ આપ્યા બાદ તપાસના અંતે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છએ.

(૨) ચાર્જશીટ આધારે ગુન્હાનું કોઝનીઝન્સ લેવાયા બાદ આરોપીને પ્રોસેસ કરેલ અને પ્રોસેસ આધારે આરોપી આજ રોજ હાજર થયેલ. આરોપીએ હાજર થઈ જાહેર કરેલ છે કે તેઓ આ ગુન્હો સ્વૈચ્છીક રીતે કબુલકરવા માંગે છે. આરોપીએ અલગથી એલ લેખીત કબુલાત પુરસીસ પણ આપેલ છે. વધુમાં આરોપીની પ્લી લીધેલ તેમ છતાં પણ તેઓએ ગુન્હો કબુલ હોવાનું લખી આપેલ છે. વધઉમાં, આરોપીએ તેઓ ગરીબમાણસ હોય, રહેમ નજર રાખી, ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૩) આરોપીઓ હવે આવા ગુન્હામાં સંડોવાશે નહીં તે બાબતે બાંહેધરી આપે છે તે જોતાં તથા આરોપી સામેનો ગુન્હો જોતાં તથા તેના સંજોગો અને આરોપીની પરિસ્થિતિ જોતાં આરોપીઓને કેદની સજા નહીં કરવા માત્ર દંડ કરવામાં આવે તો પણ તે યોગ્ય અને ન્યાયીક હોવાનું જણાય આવતું હોય. આ કામે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

// આખર હુકમ //

૧. આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૨ અન્વયે ઇ. પી. કો. કલમ–૨૯૦, ૧૮૮ અને ગુજરાત પોલીસ એકટની કલમ– ૧૩૧ ના ગુન્હા સબબ

તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સંયુકત રીતે કુલ ૧૪૦૦/– કરવામાં આવે છે.

૨. જો આરોપી દંડની રકમ ભરપાઇ કરવામાં કસુર કરે તો દિન–૫ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૩. અપીલ સમય વિત્યે મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાતે લેવી તેમજ બાકીના મુદ્દામાલનો નાશ કરવો.

હુકમ આજ રોજ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩–૭–૨૦૧૯
***વડોદરા.***
ડી.જે.વાણીયા/ પી.એ.

**( દશરથસિંહ જાલમસિંહ પરમાર)**
***૨૯ માં અધિક ચીફ જયુડી. મેજી. ,***
**વડોદરા.**
**કોડ નં. જી.જે. ૦૧૧૭૧**